# હિંમતનગરમાંથી ત્રણ દિવસ અગાઉ ગુમ થયેલા ફાયનાન્સરની હત્યાનો ભેદ ઉકેલાયો

## વક્તાપુર પાસે આવેલી ફેક્ટરીના માલિકે ફાયનાન્સરની હત્યા કરી મૃતદેહ કબ્રસ્તાનમાં દફનાવી દીધો હતો : ફાયનાન્સરની કાર અને ૯૮ હજાર વિજાપુરમાંથી મળ્યા

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગર ખાતે રહેતા અને ફાઈનાન્સનો વ્યવસાય કરતા એક યુવાન મંગળવારે સાંજે વકતાપુર પાસેની એક ફેકટરીમાં ઉઘરાણી ગયા હતા. અને ત્યારબાદ રહસ્યમય રીતે ગુંમ થતાં પંથકમાં તરહ-તરહની વાતો સાથે ચકચાર મચી જવા પામી હતી. ગુમ થયા અંગેની ફરીયાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાના માર્ગદર્શન હેઠળ પોલીસે તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન યુવાન ફાયનાન્સરની કાર વિજાપુર ખાતેથી મળી આવી હતી. પોલીસે જેની પાસે ઉઘરાણી ગયા હતા. તે ફેકટરી માલિક સાજીદ ભટ્ટની સખતાઈ પૂર્વક પૂછ પરછ કરતાં તેણે ફાયનાન્સરની હત્યા કરી લાશને વકતાપુર અને ગઢા પાસેના કબરસ્તાનમાં દફનાવી દીધી હોવાની કબુલાત કરતાં પોલીસે કબરસ્તાનમાં જઈ લાશને બહાર કાઢી પોસ્ટ મોટમ માટે મોકલી આપી. હત્યામાં સાજીદ ભટ્ટ સાથે અન્ય કોણ કોણ હતું તે અંગે તપાસ હાથ ધરી છે.



(તસવીર : મગનજી વણઝારા)

બનાવની વિગત અનુસાર ઈડર તાલુકાના મોટી વાડોલ ગામના ધર્મેન્દ્રભાઈ ભાયચંદભાઈ પટેલ ઉંમર વર્ષ-૩૫ હિંમતનગરમાં રહીને ધિરધારનો ધંધો કરતા હતા. મંગવારે સવારે ૧૦ વાગ્યે તેઓ પોતાની સ્વિફટ ડીઝાયર કાર નંબર જીજ.-૯ બીએ-૯૮૯૭ લઈને વકતાપુર પાસે આવેલ ફાર્મેસએગ્રો ફેકટરીમાં ઉઘરાણી ગયા હતા. ત્યારબાદ તેઓ એકાએક રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ ગયા હતા. તેમનો મોબાઈલ પણ સ્વીચ ઓફ થઈ ગયો હતો. ગુમ થયા અંગેની ફરીયાદ તેમના સ્વજન રમેશભાઈ પટેલે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાના માર્ગદર્શન અને રાહદરી હેઠળ ડીવાયએસપી. ભકિતબા ડાભી, એસઓજી પીઆઈ બી.એલ દેસાઈ,ગ્રામ્ય પીએસઆઈ એન.જી. ગોહિલ દ્વારા જીણવટ ભરી તપાસ હાથ ધરવામાં આવી હતી. અને ફેકટરી માલિક સાજીદ ભટ્ટની અટકાયત કરી પૂછતાજ કરતાં તેણે જણાવ્યું હતું કે ફાયનાન્સર તેની પાસેથી રુ. ૧૦ લાખની રકમ લઈને ગયા હતા. તેથી પોલીસને તેના ઉપર શક ગયો હતો.તે દરમિયાન વિજાપુર પાસેથી ફાયનાન્સરની કાર મળી આવી હતી. અને રૂ.૯૮ હજાર રૂપિયા રોકડા પણ કારમાંથી મળ્યા હતા.જેથી પોલીસની શંકા ધ્ઢ બની હતી. પોલીસે સાજીદ ભટ્ટ ઉપર વિટોપાવર વાપરતાં તેણે ફાયનાન્સીયર ધર્મેન્દ્ર પટેલની હત્યા કરી લાશ વકતાપુર પાસેના કબરસ્તાનામાં દફનાવી હોવાની કબુલાત કરી હતી. પોલીસે તાત્કાલિક વકતાપુર પાસે કબરસ્તાનમાં દોડી જઈ કરસ્તાનમાંથી લાશને બહાર કાઢી પોસ્ટ મોટમ માટે મકોલી આપી હતી. અને પોલીસે હત્યા પાછળનું સાચુ કારણ જાણવા તેમજ હત્યામાં અન્ય કોણ કોણ સંડોવાયેલા છે. તે દિશામાં તપાસ હાથ ધરી છે.

હિંમતનગરના એક પ્રતિષ્ઠિત યુવાન ફાયનાન્સરની હત્યા થયાના અને લાશ કરસ્તાનમાં દફનાવી હોવાના સમાચાર વાયુ વેગે પ્રસરી જતાં લોકોના હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં અને ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ટોળા ઉમટી પડયા હતા. કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસે હત્યામાં સંડોવાયેલ ફેકટરી માલિકના ગામ ગઢામાં ચૂસ્ત પોલીસ બંધોબસ્ત ગોઠવી દીધો છે. ફાયનાન્સરની હત્યા કેમ કરવામાં આવી ? એતો ફેકટરી માલિક સાજીદ ભટ્ટની જીણવટ ભરી પૂછ પરછ બાદ બહાર આવશે.

## દાંતીયા પ્રાથમિક શાળામાંથી રૂ. ૭ હજારથી વધુની મત્તાની ચોરી

ખેડબ્રહ્મા, તા.૨૬

ખેડબ્રહ્મા તાલુકાના દાંતીયા ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં કોઈ ઈસમો મોકાનો ફાયદો ઉઠાવી રૂ. ૭૬૦૦ની કિંમતની ઈલેકટ્રોનિક ચીજવસ્તુઓ લઈ ફરાર થઈ ગયા હતા. આ મામલે ખેડબ્રહ્મા પોલીસે ફરિયાદ નોંધી ચોર ઈસમની શોધખોળ હાથ ધરી છે.

ખેડબ્રહ્મા તાલુકાની દાંતીયા પ્રાથમિક શાળામાં ગતરોજ મોડી સાંજથી વહેલી સવારના ગાળા દરમિયાન અંધારાનો લાભ લઈ શાળામાં પ્રવેશ કર્યો હતો અને ૧ નંગ ફિંગરપ્રીન્ટ મશીન, ૨ નંગ મલ્ટીમીડીયા સ્પીકર, ૨ નંગ સિલિંગ ફેન મળી કુલ રૂ. ૭૬૮૯.૯૮ની કિંમતની મત્તાની ચોરી કરી નાસી છૂટયા હતા. આ મામલે સવારે શાળાના મુખ્ય શિક્ષક હસમુખભાઈ પટેલને જાણ થતા તેમણે તુરંત જ ધનસુરા પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઈસમો વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ચોર ઈસમોની શોધખોળ હાથ ધરી છે.

# ડીસા મુખ્ય બજારમાં અસામાજીક તત્વોનો આતંક

## ચાર સામે ફરિયાદ : બે ની ધરપકડ

ડીસા, તા.૨૬

ડીસા શહેરમાં છેલ્લા કેટલાય સમયથી દેશી વિદેશી દારૂનો બેફામ વેપલો ચોરી, જુગાર અને મારામારી જેવી ઘટનાઓ વધી રહી છે. અસામાજીક તત્વોને પોલીસ તંત્ર કે કાયદાનો ડર જ ન હોય તે રીતે પોતાનો ખોફ વર્તાવી રહ્યા છે ત્યારે ગુરુવારની રાત્રે શહેરના મેઈન બજારમાં મોબાઈલની દુકાન પર આવેલ શખ્સોએ મોબાઈલની ખરીદી બાબતે માથાકુટ કરી ગેરકાયદેસર મંડળી બનાવી આતંક મચાવતા વેપારીઓમાં ફફડાટ મચી જવા પામ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ડીસા શહેરના મુખ્ય બજારમાં એક મોબાઈલની દુકાને કેટલાક ઈસમો મોબાઈલની ખરીદી અર્થે આવ્યા હતા અને ખરીદી બાબતે વેપારી જોડે માથાકુટ શરુ કરી હતી ત્યારે બાજુમાં બિયરની દુકાન ધરાવતા વેપારી ચમનભાઈ માળીએ જણાવ્યું હતું કે આ સામાન્ય બાબતમાં શા માટે માથાકુટ કરો છો? આથી ઉશ્કેરાયેલ ઈસમોએ ચમનભાઈ માળી સાથે દાદાગીરી શરુ કરી હતી અને તેમના માણસોને બોલાવતા હથિયારો સાથે મોટી સંખ્યામાં ટોળા ત્યાં ઉમટી પડતા વેપારીઓ શટરો પાડીને રવાના થઈ ગયા હતા અને તરહ તરહની અફવાઓએ જોર પકડયું હતું. આ મામલામાં ચમનભાઈ માળીને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. આ ઘટનાની જાણ થતા જ પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને પરિસ્થિતિને થાળે પાડી ટોળાને વેરવિખેર કર્યુ હતું. આ બાબતે ચમનભાઈ માળીની ફરિયાદના આધારે પોલીસે રમેશ માળી, કાનાજી માળી, નરેન્દ્ર માળી, બકુલ માળી (તમામ રહે. ડીસા) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# ૫૫ મુસાફરોના જીવ જોખમમાં મુકી બસચાલક બસ ગરનાળામાં લઈ ગયો

ધનસુરા, તા. ૨૬

મોડાસાથી બાયડ તરફ જતા માર્ગ પર અંતિસરા ગરનાળામાં ગતરોજ ૫૫ મુસાફરો ભરેલી એક એસ.ટી. બસના ચાલકે બસ ગરનાળાના પાણીમાં લઈ જતા મુસાફરોના જીવ તાળવે બંધાયા હતા. આસપાસના લોકો દોડી આવ્યા હતા. પાણીમાં ફસાયેલા મુસાફરોના જીવ બચાવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠાના મોડાસાથી બાયડ તરફ જતી ૫૫ મુસાફરો ભરેલી એસ.ટી. બસ ગત રોજ મોડી સાંજે અંતિસરા ગરનાળા પાસે પહોંચી હતી અને બસના ચાલકે બેદરકારીપૂર્વક બસ હંકારી ૫૫ મુસાફરોના જીવ જોખમમાં મુકી બસ ગરનાળાના પાણીમાં લઈ ગયો હતો. બાદમાં અધવચ્ચે બસ પહોંચતા બસ બંધ થઈ જતા પાણીમાં ફસાઈ ગઈ હતી અને ધીમે ધીમે પાણીના પ્રવાહ સાથે બસમાં ભારે હલનચલન થતા મુસાફરોની ચિચિયારીઓ વચ્ચે બુમરાણ થઈ જવા પામી હતી.

મુસાફરોની ચિચિયારીઓ સાંભળતા આસપાસના રાહદારીઓ અને ગ્રામજનો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ તમામ મુસાફરોના જીવ બચાવ્યા હતા. આ ઘટનાને પગલે મુસાફરો અને ગ્રામજનોમાં તંત્ર વિરૂદ્ધ ઉગ્ર રોષ વ્યકત કર્યો છે અને બેદરકારીપૂર્વક મુસાફરોના જીવ જોખમમાં મુકનાર બસચાલક અને કોન્ટ્રાકટર વિરૂદ્ધ કાર્યવાહી કરવા ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

# ડીસામાં અડચણ રૂપ દબાણો દુર કરાયા

## શહેરમાં ઠેક ઠેકાણે ખાનગી વાહનોના ખડકલા અને અડચણ રૂપ દબાણોનો રાફડો ફાટ્યો છે ત્યારે માત્ર એક જ માર્ગ પરના દબાણ દુર કરાતા પ્રજામાં રોષ

ડીસા, તા. ૨૬

ડીસા શહેરનો વિકાસ કુદકે ને ભુસકે વધતો જાય છે ત્યારે સાથે સાથે સમસ્યાઓની હારમાળા પણ સર્જાતા જાય છે. જેમાં શહેરના વિવિધ ખૂણે ખૂણે તેમજ જાહેર માર્ગો પર ખાનગી વાહનોના ખડકલા તેમજ લારી ગલ્લાના તથા અન્ય અડચણ રૂપ દબાણોના લીધે પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જેને લીધે શહેરમાં ટ્રાફિકની સમસ્યા રોજ બરોજ વધતી જાય છે. કેટલાક સમય અગાઉ પાલિકા પ્રમુખ અને ડીસા શહેર દક્ષિણ પોલીસ પી.આઈ. કે.ડી.નકુમ દ્વારા એક બેઠક બાદ બીજા દિવસે ટ્રાફિકને અડચણ રૂપ દબાણો દુર કરાયા હતા. ત્યારબાદ શહેરમાં સ્થિતિ પુનઃ જેસે થે થઈ જતાં પ્રજાએ પોલીસ તંત્ર પર રોષ ઠાલવ્યો હતો. ત્યારે પ્રજાની વારંવાર રજુઆતના પગલે મામલતદારથી જલારામ સુધીના હાઈવે માર્ગ પરથી મામલતદાર સ્થિત પોલીસ સ્ટેશનના ટ્રાફિક જમાદાર દ્વારા અડચણ રૂપ દબાણો દુર કરાયા હતા. વળી, હવે પછી જો કોઈ પણ વ્યક્તિ કે દુકાનદાર ટ્રાફિકને અડચણ રૂપ દબાણ કરશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જો કે શહેરની પ્રજા દ્વારા શહેરમાં અન્યત્ર અડચણ રૂપ દબાણોના રાફડાને પોલીસ તંત્ર દ્વારા ક્યારે દુર કરાશે તે અંગે વિવિધ તર્ક વિતર્ક થઈ રહ્યા છે.


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601


## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| | | |
|---|---|---|
| **તલોદ** | | |
| મગફળી | ૭૩૦ | ૮૬૫ |
| એરંડા | ૬૪૪ | ૬૬૭ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૬ |
| બાજરી | ૨૦૦ | ૫૦૦ |
| ગવાર | ૯૭૦ | ૧૦૪૦ |
| **સલાલ** | | |
| મગફળી | ૭૦૦ | ૮૫૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૦ |
| બાજરી | ૧૯૦ | ૨૭૦ |
| ડાંગર જ્યા | ૨૮૫ | ૩૨૦ |
| ડાંગર ગુજ | ૩૩૦ | ૩૫૦ |
| **પ્રાંતિજ** | | |
| એરંડા | ૬૪૦ | ૬૫૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૪૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૦ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૫૦ |
| ડાંગર જ્યા | ૨૮૫ | ૩૨૧ |
| **ધનસુરા** | | |
| એરંડા | ૬૫૫ | ૬૬૫ |
| મકાઈ | ૨૫૫ | ૩૦૫ |
| ઘઉં | ૩૧૫ | ૩૪૫ |
| બાજરી | ૨૩૦ | ૨૬૧ |
| ગવાર | ૯૦૦ | ૧૦૫૦ |
| **ખેડબ્રહ્મા** | | |
| ઘઉં લોકવન૩૧૧૩૨૦ | | |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૪૦ |
| મકાઈ | ૨૭૫ | ૨૭૮ |
| એરંડા | ૬૪૫ | ૬૫૫ |
| **મોડાસા** | | |
| એરંડા | ૬૪૯ | ૬૭૦ |
| બાજરી | ૨૪૫ | ૨૫૪ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૧ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૦ |
| મગફળી | ૭૦૦ | ૭૮૬ |
| ગવાર | ૯૦૦ | ૧૧૩૦ |
| **ટીંટોઈ** | | |
| મકાઈ | ૨૮૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૧૦ |
| મગફળી | ૭૪૦ | ૮૧૦ |
| **દહેગામ** | | |
| બાજરી | ૨૨૫ | ૨૯૦ |
| ઘઉં | ૩૧૨ | ૩૧૯ |
| ડાંગર | ૨૬૫ | ૨૯૦ |
| એરંડા | ૬૩૪ | ૬૫૨ |
| ગવાર | ૮૫૨ | ૯૭૭ |
| મકાઈ | ૨૬૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૫ | ૬૬૦ |
| જુવાર | ૩૧૫ | ૩૮૦ |
| રાયડો | ૫૨૦ | ૫૭૫ |
| **રખિયાલ** | | |
| બાજરી | ૨૨૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૧૫ |
| ડાંગર | ૨૬૦ | ૨૮૫ |
| એરંડા | ૬૩૦ | ૬૫૦ |
| ગવાર | ૮૫૦ | ૯૭૫ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| તુવેર | ૫૩૦ | ૬૫૦ |
| જુવાર | ૩૧૦ | ૩૭૦ |
| રાયડો | ૫૧૦ | ૫૭૦ |
| **હિંમતનગર** | | |
| મગફળી | ૫૦૦ | ૮૨૮ |
| એરંડા | ૬૪૦ | ૬૬૮ |
| ઘઉં | ૩૧૩ | ૩૮૮ |
| બાજરી | ૨૧૬ | ૨૮૦ |
| મકાઈ | ૨૭૦ | ૨૯૦ |
| ગવાર | ૯૩૭ | ૧૦૦૦ |
| **ઈડર** | | |
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૬૫ | ૨૯૦ |
| એરંડા | ૬૭૨ | ૬૮૨ |
| બાજરી | ૨૪૦ | ૨૬૦ |
| મગફળી | ૬૬૦ | ૮૩૫ |
| તલ | ૧૪૦૦ | ૧૭૦૦ |
| ગવાર | ૯૫૦ | ૧૦૨૫ |
| જુવાર | ૩૫૦ | ૩૯૦ |
| મગ | ૬૬૦ | ૭૦૫ |
| **કડી** | | |
| મેથી | ૫૪૯ | - |
| સવા | ૬૪૧ | - |
| ઘઉં | ૩૦૦ | ૩૩૬ |
| ગવાર | ૮૦૦ | ૧૦૭૩ |
| એરંડા | ૬૫૫ | ૬૬૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| **પાલનપુર** | | |
| ઘઉં | ૨૯૧ | ૩૩૯ |
| બાજરી | ૨૦૦ | ૨૮૦ |
| એરંડા | ૬૪૫ | ૬૬૩ |
| રાયડો | ૫૭૦ | ૫૮૪ |
| રાજગરો | ૧૧૦૦ | ૧૧૫૮ |
| જુવાર | ૫૦૦ | ૫૩૦ |
| ગવાર | ૫૫૧ | ૧૦૧૭ |
| **સિદ્ધપુર** | | |
| જવ | ૨૬૦ | - |
| રાયડો | ૫૭૬ | ૫૯૬ |
| એરંડા | ૫૫૧ | ૫૭૨ |
| ગવાર | ૮૨૫ | ૧૦૫૦ |
| ઘઉં | ૨૬૮ | ૩૩૪ |
| બાજરી | ૧૮૦ | ૨૮૧ |
| જુવાર | ૨૦૦ | ૫૯૧ |
| **વિસનગર** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૪૨ |
| બાજરી | ૨૦૦ | ૩૦૭ |
| રાયડો | ૫૯૦ | ૬૦૧ |
| એરંડા | ૬૫૦ | ૬૯૧ |
| જુવાર | ૨૦૦ | ૫૧૮ |
| ગવાર | ૮૦૦ | ૧૦૩૨ |
| રજકાના બી૧૩૦૦ | | ૨૭૧૦ |
| **મહેસાણા** | | |
| જુવાર | ૫૦૮ | ૫૧૮ |
| ઘઉં | ૨૫૭ | ૩૪૧ |
| જીરૂ | ૨૪૧૦ | - |
| રાયડો | ૫૫૦ | ૫૮૨ |
| બાજરી | ૨૨૫ | ૨૯૩ |
| એરંડા | ૬૪૭ | ૬૬૦ |
| અજમો | ૯૬૬ | - |
| ગવાર | ૮૭૦ | ૯૯૪ |
| રજકાબી | ૧૯૦૦ | ૨૬૩૫ |
| **આંબલીયાસણ** | | |
| ઘઉં | ૩૧૦ | ૩૨૩ |
| બાજરી | ૨૧૬ | ૨૫૯ |
| એરંડા | ૬૪૦ | ૬૪૭ |
| ગવાર | ૯૪૦ | ૯૯૩ |
| **જોટાણા** | | |
| એરંડા | ૬૫૦ | ૬૫૮ |
| બાજરી | ૨૩૫ | ૨૪૨ |
| ગવાર | ૮૦૪ | ૯૩૧ |
| **હારીજ** | | |
| મેથી | ૫૬૬ | - |
| રાયડો | ૫૫૦ | ૫૮૦ |
| એરંડા | ૬૩૦ | ૬૬૨ |
| સાસટો | ૩૨૩ | - |
| બાજરી | ૨૧૦ | ૨૫૦ |
| ઘઉં | ૨૯૪ | ૩૬૯ |
| ગવાર | ૭૫૦ | ૯૭૫ |
| અડદ | ૫૦૪ | ૬૦૧ |
| ચણા | ૫૦૦ | ૬૪૧ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૫૫૦ |
| સવા | ૬૦૦ | ૬૯૦ |
| **બાયડ** | | |
| એરંડા | ૬૫૦ | ૬૭૫ |
| ઘઉં | ૨૮૦ | ૩૬૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| **પાટણ** | | |
| જીરૂ | ૨૦૮૧ | ૨૪૩૩ |
| વરીયાળી | ૭૮૫ | ૧૩૫૫ |
| બંટી | ૩૬૫ | ૩૯૦ |
| રાયડો | ૫૪૦ | ૬૧૦ |
| એરંડા | ૬૨૦ | ૬૮૦ |
| ઘઉં | ૨૯૫ | ૩૫૫ |
| બાજરી | ૨૩૦ | ૨૭૨ |
| ગવાર | ૭૦૦ | ૯૯૫ |
| મેથી | ૪૫૦ | ૫૩૬ |
| **ઉંઝા** | | |
| જીરૂ | ૨૦૭૫ | ૨૬૩૫ |
| વરીયાળી | ૧૧૨૦ | ૨૦૧૫ |
| રાયડો | ૫૮૦ | ૬૬૬ |
| મેથી | ૫૨૧ | - |
| તલ | ૧૭૩૫ | ૧૯૫૦ |